# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/350 Dt. 06/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે કાનુની સુરક્ષા સંદર્ભે સત્ર યોજાયું

### સમયસર વિલ તૈયાર કરવામાં આવે તો ભવિષ્યમાં પરિવારજનો વચ્ચે થતી વિવાદાસ્પદ પરિસ્થિતિઓથી બચી શકાય છે : એડવોકેટ શ્રી નજમુદ્દીન મેઘાણી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રવિવાર, તા. ૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે વરિષ્ઠ નાગરિકો માટે કાનૂની સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સમાજમાં વરિષ્ઠ નાગરિકોનું મહત્વ ખૂબ જ ઊંચું છે અને તેમના માટે કાનૂની જાગૃતિ હેતુ આવા કાર્યક્રમો અત્યંત જરૂરી છે. ચેમ્બર દ્વારા સમયાંતરે સમાજના વિવિધ વર્ગોને ઉપયોગી થાય એવા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

મુખ્ય વકતા તરીકે લીગલ કન્સલ્ટન્ટ એડવોકેટ શ્રી નજમુદ્દીન મેઘાણી દ્વારા વરિષ્ઠ નાગરિકોને 'લીગલ વિલ પ્લાનિંગ, પ્રોપર્ટી સકસેશન એન્ડ સેફગાર્ડિંગ ફેમિલી એસેટ્સ' વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પરિવારની સંપત્તિનું યોગ્ય આયોજન અને કાનૂની રીતે વિલ તૈયાર કરવું અત્યંત મહત્વપૂર્ણ છે. સમયસર કાનૂની દસ્તાવેજો તૈયાર કરવામાં આવે તો ભવિષ્યમાં પરિવારજનો વચ્ચે થતી વિવાદાસ્પદ પરિસ્થિતિઓથી બચી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વરિષ્ઠ નાગરિકોએ પોતાના જીવનકાળ દરમિયાન જ મિલકત અને સંપત્તિ સંબંધી કાનૂની બાબતોનું યોગ્ય આયોજન કરી લેવું જોઈએ. કાનૂની રીતે માન્ય વિલ તૈયાર કરવામાં આવે તો વારસાગત હક્ક અંગે કોઈ ગેરસમજ કે વિવાદ ઉભો થતો નથી. તેમણે વરિષ્ઠ નાગરિકોને વિશ્વસનીય કાનૂની સલાહ લઈ યોગ્ય દસ્તાવેજીકરણ કરવા તથા પરિવારના સભ્યોને તેની જાણ કરવાની પણ સલાહ આપી હતી, જેથી ભવિષ્યમાં પરિવારની સંપત્તિ સુરક્ષિત રહે અને પારિવારિક સુમેળ જળવાઈ રહે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીની ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, વકતાઓ તથા સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. પબ્લિક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. રાજન દેસાઇએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પબ્લિક હેલ્થ કમિટીની સભ્ય ડો. શાલિની હલવાવાલાએ એડવોકેટ શ્રી નજમુદ્દીન મેઘાણીનો પરિચય કરાવ્યો હતો.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાણી, સભ્યો અને વરિષ્ઠ નાગરિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. વરિષ્ઠ નાગરિકો માટે આ કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી સાબિત થયો હતો.